# પશ્ચિમ કચ્છ જિલ્લા ટ્રાફિક પોલીસ

Always for you...



## નશો કરી વાહન ન ચલાવવા

નશો કરી વાહન ન ચલાવીએ
પોતાના અને બીજાનો
જીવ બચાવીએ

## સીટ બેલ્ટ

જયારે પણ ચલાવો કાર,
સલામતીનો કરજો વિચાર.





## મેસેજ રાહ જોઈ શકે છે જિંદગી નહી

**સુરક્ષા સેતુ સોસાયટી કચ્છ-ભુજ**

www.spkutch.gujarat.gov.in spbhuj@facebook.com spbhuj@twitters.com 02832 - 250960

# સુરક્ષા સેતુ સોસાયટી કચ્છ-ભુજ

સુરક્ષા સેતુ સોસાયટી

## દુ વ્હિલર બે વ્યકિતઓ માટે છે, કુટુંબ માટે નહિ



દુ વ્હિલર પર બેસેલા બન્ને વ્યકિતઓએ હેલ્મેટ પહેરવું ફરજીયાત છે,

**બાળકોને દુ વ્હિલર વાહન ચલાવવા ન આપો**

## રોંગ સાઈડ સાધનો ચલાવવા

રોંગ સાઈડ અને શોર્ટકટને કહીએ 'ના' સલામત જીવનને કહીએ 'હા'



## પશ્ચિમ કચ્છ જિલ્લા ટ્રાફિક પોલીસ

Always for you...

GUJARAT POLICE

## માર્ગ સલામતી એ જ જીવન રક્ષા

www.spkutch.gujarat.gov.in spbhuj@facebook.com spbhuj@twitters.com 02832 - 250960

# માર્ગ સુરક્ષા માટેના સોનેરી નિયમો

- ★ હંમેશા હેલ્મેટ અથવા સીટ બેલ્ટનો ઉપયોગ કરીએ.
- ★ રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ કદી ન કરીએ.
- ★ સિગ્નલ તોડવાના બદલે ધીરજપૂર્વક રાહ જોઈએ.
- ★ વાહન ચલાવતી વખતે કયારેય મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરીએ.
- ★ માર્ગની ગતિ મર્યાદાનો ભંગ કરીને પુરઝડપે અથવા જોખમી રીતે વાહન ન ચલાવીએ.
- ★ ઉતાવળ કરીને જોખમી રીતે ઓવરટેક ન કરીએ.
- ★ લેન ડ્રાઈવિંગની શિસ્ત જાળવીએ.
- ★ જાહેર માર્ગ પર રેસિંગ કે સ્ટંટ ન કરીએ.
- ★ રસ્તા પર વાહન ખોટી રીતે પાર્ક ન કરીએ.
- ★ લાઈસન્સ ન ધરાવતા કોઈપણ વ્યકિતને વાહન ચલાવવા ન આપીએ.
- ★ વિમા વગર વાહન ન ચલાવવું જોઈએ.
- ★ પરમીટ કરતાં વધુ પેસેન્જરની મુસાફરી કરાવવી ગુનો બને છે.
- ★ દરેક વાહનનો વીમો ઉતરાવવો અનિવાર્ય છે.
- ★ વીમા વગરના વહાનોમાં જો અકસ્માત થાય તો મુસાફરોને વીમાનો લાભ મળતો નથી.
- ★ કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ન ચલાવીએ.
- ★ માલવાહક વાહનોનો મુસાફરી માટે ઉપયોગ ન કરવો.

"ટ્રાફિકના નિયમોનું પાલન કરીએ, પોતાની તેમજ અન્યોની જીંદગી બચાવીએ."

| પોલીસ : 100 | ફાયર બ્રિગેડ : 101 | એમ્બ્યુલન્સ : 108 | ટ્રાફિક હેલ્પલાઈન : 1095 |
|---|---|---|---|

# : રોડ પરની નિશાનીઓ :

૧) <u>અકસ્માત સંભવિત ક્ષેત્ર :</u> 

કાળા અને પીળા રંગના પટ્ટા દોરેલાં ચિહ્નો અકસ્માતની સંભાવના દર્શાવે છે. જ્યાં મોટા ચાર રસ્તા કે ટ્રાફિક આવતો હોય ત્યાં અકસ્માત નિવારણના હેતુથી ચેતવણી સ્વરૂપે કાળા-પીળા પટ્ટાનો ઉપયોગ કરવામાં આવે છે.

૨) <u>રીપેરીંગ કામ ચાલુ છે :</u> 

લાલ અને સફેદ રંગથી દોરેલા પટ્ટા અથવા લાલ અને સફેદ રંગની રીબીન બાંધેલી હોય તો તે રીપેરીંગ કામ ચાલુ છે. તેના પરિણામે અકસ્માત થવાની સંભાવના પેદા થાય છે. તે ટાળવા આ પ્રકારના સુચનનો ઉપયોગ કરવામાં આવે છે.

# : મુખ્ય આકારો :

૧) <u>ગોળ :</u> 

ગોળ અને લાલ રંગથી બનેલા આવા ચિન્હોને આદેશાત્મક નિશાનીઓ (Mandatory Sign) અથવા ફરજીયાત નિશાનીઓ કહેવાય છે.

૨) <u>ત્રિકોણ :</u> 

ત્રિકોણ આકાર અને લાલ રંગથી બનેલા ચિહ્નોને ચેતવણીદર્શક ચિહ્નો કહેવાય છે. માર્ગમાં આવતા ભયજનક સ્થાનો અને સંભાવનાઓનુ અગાઉથી જ સુચન કરી દે છે.

૩) <u>લંબચોરસ :</u> 

લંબચોરસ આકારમાં અને વાદળી રંગમાં દર્શાવેલ સુચનોને માહિતીદર્શક કહેવાય છે.આ પ્રકારના સુચનો દ્વારા માર્ગમાં આવતી જરુરી સુવિધાઓ અને બીજી માહિતી અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે.

૪) <u>થોભો :</u> 

સંપુર્ણપણે લાલ રંગ ભરેલી અષ્ટકોણાકાર આકૃતિ માર્ગમાં ચોકકસ અને અતિ ભયજનક સ્થિતિ ઉભી થયેલ હોવાનુ દર્શાવે છે. આ ચિહ્ન દ્રવારા સ્પષ્ટ આદેશ આવે છે. ઉભા રહો..જુઓ..જગ્યા મળેથી સાચવીને આગળ વધો.

૫) <u>રસ્તો આપો :</u> 

ઊંધા ત્રિકોણાકારે લાલ રંગથી બનેલા આ ચિહ્નો અર્થ છે. રસ્તો આપો.

વાહનવ્યવહાર કમિશનરશ્રી, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસિધ્ધ
Y-914-1.25Lac-02-2024

# : સડક પર દોરેલા ચિન્હો (MARKING) :

**૧) ઝીબ્રા ક્રોસીંગ :** 

રાહદારીઓને રોડ પાર કરવા માટે તેઓની સલામતીને ધ્યાનમાં રાખીને રોડ ઉપર ઝીબ્રા માર્કિંગ કરવામાં આવે છે. રાહદારીઓએ માત્ર ઝીબ્રા ક્રોસીંગ પરથી જ રોડ પાર કરવાનો હોય છે. વાહનચાલકોએ ઝીબ્રા ક્રોસીંગથી પહેલા પોતાનું વાહન ઉભું રાખીને રાહદારીઓને પહેલા સડક પાર કરવા દેવા જોઇએ. તે ઉપરાંત ઝીબ્રા ક્રોસીંગ પહેલાં (સફેદ રંગની આડી સળંગ રેખા) દોરેલી હોય છે. તેનો અર્થ એ થાય કે વાહનચાલકોએ ચાર રસ્તા પાસે અથવા તો જ્યાં પણ સ્ટોપ લાઇન હોય ત્યાં સ્ટોપ લાઇન થી પહેલાં પોતાનું વાહન રોકી લેવું જોઇએ.

**૨) સફેદ રંગની તૂટક રેખા :** 

રસ્તા પર સફેદ રંગના અલગ પટ્ટા એક સીધી લીટીમાં દોરેલા હોય જે તૂટક તૂટક રેખા સ્વરુપે હોય તેનો અર્થ વાહનોને પોતાની લાઇન બદલી શકવાની છુટ છે. આ રેખાનો બીજો અર્થ ઓવરટેક કરવાની છુટ આપે છે.

**૩) સફેદ રંગની સળંગ રેખા :** 


રોડ પર સફેદ રંગની એક સળંગ રેખા દોરેલ હોય છે. આ રેખા વાહનોને લેન બદલવા માટે ના પાડે છે.અહીં ઓવરટેક કરવાનું અને લેન બદલવાનું ટાળો.

**૪) પીળા રંગની તૂટક રેખા :** 

રોડ પર પીળા રંગથી દોરેલ તૂટક રેખા સાવચેતીપૂર્વક જ લેન બદલવાનો નિર્દેશ કરે છે.

**૫) પીળા રંગની સળંગ રેખા :** 

રસ્તા પર પીળા રંગની સળંગ રેખા લેન બદલવાની ફરજીયાતપણે ના પાડે છે. રોડના ડાબી બાજુના છેડા પાસે પીળા રંગનો સળંગ પટ્ટો તે જગ્યાએ વાહનને પાર્ક કરવાની સદંતર મનાઇ ફરમાવે છે.

**૬) પીળા રંગની બે સળંગ રેખા :** 

કોઇપણ સંજોગોમાં લેન બદલવાની ઓવરટેકની અનુમતી આપતી નથી. બે પીળા રંગની સળંગ રેખા વાહન પાર્ક કરવા નહીં અને અલ્પ સમય માટે પણ ઉભું રાખવાની મનાઇ સૂચવે છે.

# : રંગો :



**૧) લાલ રંગ :**
ટ્રાફિક નિયમમાં લાલ રંગ એ નિશ્ચિત આપત્તિ દર્શાવે છે.લાલ રંગનો ઉપયોગ થોભવાના આદેશ માટે કરવામાં આવે છે.



**૨) પીળો રંગ :**
પીળો રંગ સાવચેત થઇ જવા અને વાહનની ગતિ ધીમી કરીને જરૂર પડે ઊભા રહી જવાનો સંકેત કરે છે.



**૩) લીલો રંગ :**
ટ્રાફિક નિયમમાં લીલો રંગ ટ્રાફિકના સામાન્ય નિયમો જાળવી આગળ વધી જવાનો સંકેત કરે છે.

વાહનવ્યવહાર કમિશનરશ્રી, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસિધ્ધ

## લાઈસન્સ માટે લાયક ઉંમર

ગિયર વગરના (૫૦ સીસી કે તેથી ઓછી એન્જીન ક્ષમતા વાળા) ટુ વ્હીલર વાહનો માટે વાલીની સહમતી સાથે **૧૬ વર્ષ**


ટ્રાન્સપોર્ટ સિવાયના અન્ય વાહનો ચલાવવા માટે **૧૮ વર્ષ**

ટ્રાન્સપોર્ટ વાહનો માટે **૨૦ વર્ષ**

## યાદ રાખો

માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ વિના વાહન ચલાવવું તે મોટર વાહન કાયદા હેઠળ દંડને પાત્ર છે.

સગીર વયના બાળકો દ્વારા લાઈસન્સ વિના વાહન ચલાવવા બદલ મોટર વાહન કાયદા હેઠળ વાલીને **૩ વર્ષ સુધીની જેલની સજા** અને રૂ. ૨૫ હજાર સુધીનો દંડ થઈ શકે છે.




**લાયક ઉંમરે લાઇસન્સ સાથે આપો અમૂલ્ય ભેટ;
માર્ગ સલામતીનું શિક્ષણ અને સાથે એક હેલ્મેટ.**




ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી
પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,
સેક્ટર-૧૮, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૦૭
વેબસાઇટ: https://gujrosa.gujarat.gov.in
GRSAofficial
બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, ગુજરાત સરકાર


ડાઉનલોડ કરવા માટે QR કોડ સ્કેન કરો

G.P.L.P. A. (Y) 315 - 1.5 Lakh -1-2024



# માર્ગ સલામતી સંકલ્પ પત્ર

## ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી


### ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## અમો દ્રઢ સંકલ્પ કરીએ છીએ કે

- ડ્રાઈવિંગ કરતી વખતે હંમેશા માર્ગ સલામતી તથા ટ્રાફિકના નિયમોનું પાલન કરીશું
- અમારા સંતાનોને નિયમોનું પાલન કરીને જ ડ્રાઈવિંગ કરવા પ્રેરિત કરીશું
- અમારા પુત્ર/પુત્રીને ડ્રાઈવિંગ લાઈસન્સ વિના ડ્રાઈવિંગ નહિ કરવા દઈએ
- માર્ગની ગતિ મર્યાદા કરતાં વધુ ગતિથી વાહન નહિ ચલાવીએ
- ડ્રાઈવિંગ કરતી વખતે હંમેશા હેલ્મેટ અથવા સીટ બેલ્ટનો ઉપયોગ કરીશું
- અમારા સંતાનોને ઝીબ્રા ક્રોસિંગનો ઉપયોગ કરીને જ રસ્તો ઓળંગવાની તાલીમ આપીશું

હું જાણું છું કે સગીર વયના બાળકો દ્વારા લાઈસન્સ વિના વાહન ચલાવવા બદલ મોટર વાહન કાયદા હેઠળ વાલીને **૩ વર્ષ સુધીની જેલની સજા** અને રૂ. ૨૫ હજાર સુધીનો દંડ થઈ શકે છે.

વાલીનું નામ ____________ સહી ____________





વાલી દ્વારા વિગત ભરીને આ પાનું પરત કરવું.

**દર વર્ષે ભારતમાં ૧.૬૮ લાખ લોકો તથા ગુજરાતમાં ૭૬૦૦ જેટલા લોકો માર્ગ અકસ્માતના કારણે અકાળે મૃત્યુ પામે છે.**

## આપણે સૌ માર્ગ અકસ્માતથી બચી શકીએ છીએ તથા અન્યોને પણ બચાવી શકીએ છીએ.

- હંમેશા હેલ્મેટ અથવા સીટ બેલ્ટનો ઉપયોગ કરીએ
- રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ કદી ન કરીએ
- સિગ્નલ તોડવાના બદલે ધીરજપૂર્વક રાહ જોઈએ
- વાહન ચલાવતી વખતે ક્યારેય મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરીએ
- માર્ગની ગતિ મર્યાદાનો ભંગ કરીને પુરઝડપે અથવા જોખમી રીતે વાહન ન ચલાવીએ
- ઉતાવળ કરીને જોખમી રીતે ઓવરટેક ન કરીએ
- લેન ડ્રાઈવિંગની શિસ્ત જાળવીએ
- જાહેર માર્ગ પર રેસિંગ કે સ્ટંટ ન કરીએ
- હાઈવે પર વાહન ખોટી રીતે પાર્ક ન કરીએ
- લાઈસન્સ ન ધરાવતા કોઈપણ વ્યક્તિને વાહન ચલાવવા ન આપીએ

**સ્પીડ જીવનની થોડી મિનિટો બચાવશે**
**પરંતુ અકસ્માત જીવનના ઘણાં વર્ષો ઘટાડશે**




આ પાનું આપની જાણકારી માટે આપની પાસે રાખવું.